## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




સાહેબ, મેનુમાંથી ઓનિયન ડોસાની જગ્યાએ નવી ડીશ નો-ઓનિયન ડોસા આવશે...!!

# સ્ટેમ્પ ડ્યુટી મોટરવાહન વેરા ખાણ ખનીજની આવક અને વિદ્યુત કર શુલ્કની વસૂલાતમાં અનિયમિતતાઓ

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી મોટર વાહનવેરો ખાણકામની આવક અને વિદ્યુતકર અને શુલ્કને લગતા ચાર મુખ્ય વિભાગોના સરકારના લેણાની વસૂલાત કરવાની હતી એવા પડતર કેસોની સંખ્યા ૧,૫૬,૮૮૦ હતી ઓડિટે તે પૈકી ૪૦૫૮ કેસોની ચકાસણી કરી હતી અને ૨૫૧૭ કેસોમાં રૂ. ૨૫૩.૬૫ કરોડની રકમ સંકળાયેલી હતી એવી અનિયમિતતાઓ કેગના ઓડિટમાં ધ્યાન પર આવવા પામી હતી.

વિધાનસભામાં રજુ થયેલા કેગના અહેવાલમાં મહેસૂલ ક્ષેત્રે કેટલીક ગંભીર અનીયમીતતાઓ બહાર આવવા પામી છે.

પ્રાથમિક રેકર્ડ રજીસ્ટરો નિભાવવામાં ઉણપો સંબંધિત અધિનિયમો હેઠળ વસૂલાતની પ્રક્રિયામાં અનુવર્તી કાર્યવાહી કરવામાં હયાત સ્ત્રોતોનો યોગ્ય ઉપયોગ તેમજ જમીન મહેસૂલની પાછલી બાકીની વસૂલાત માટે અપૂરતા પગલા અને અનુવર્તી કાર્યવાહી એમ બન્ને નિષ્ફળતા જોવા મળી હતી.

સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી માટે કરાયેલ મુલ્યાંકનમાં ૨૪૫ દસ્તાવેજોમાં રૂ. ૧૦.૫૩ કરોડની ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટી માટેના માંગણીની મૂલ્યાંકન હૂકમોમાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં ચૂકવણી કરવામાં આવી ન હતી આ માંગણીઓની ગુજરાત જમીન મહેસૂલ સંચિતા હેઠળ જમીન મહેસૂલની પાછલી બાકી તરીકે વસૂલાત કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી અને વસૂલ થયા વગરના રહ્યા હતા. આ પૈકી ૧૭૮ કેસો બે વર્ષ કરતા અધિક જૂના હતા. પાછલી બાકીને જમીન મહેસૂલની પાછલી બાકી તરીકે જાહેર કરવા માટે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમમાં કોઈ સમયમર્યાદા નિયત કરવામાં આવી ન હતી.

આઠ કરવેરા સત્તાધિકારીઓની ઓડિટ ચકાસણીએ એ બાબત જાહેર કરી હતી કે વેરાના કસૂરદારોના ૧૯૨ કેસોમાં પરિવહન અને બિન પરિવહન વાહનોના વાહન નોંધણી મોડ્યુલમાં અમાન્ય નોંધો હતી. આ કેસોમાં વેરાના લેણાની રકમ રૂ. ૨.૫૩ કરોડ જેટલી હતી. વાહનોના માલિકોની ઓળખ કરવાનુ અને વસૂલાતની કાર્યવાહી શરૂ કરવાનુ મુશ્કેલ હતુ. આ ઉપરાંત ૬ કચેરીઓમાં એકથી આઠ વર્ષો વિતી ગયા હોવા છતાં ૩૬૧ વાહનોની બાબતમાં રૂ. ૫.૦૧ કરોડની રકમના મોટર વાહન વેરાની વસૂલાત માટે માંગણા નોટીસો પાઠવવામાં આવી ન હતી.

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં ખાણકામની આવકની ચકાસણી દરમ્યાન પણ ગંભીર અનિયમિતતાઓ કેગના અહેવાલમાં બહાર આવવા પામી છે.

આઠ ભૂસ્તરશાસ્ત્રીઓ સહાયક ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા રજુ કરવામાં આવેલી માહીતી મુજબ રૂ. ૯૦.૫૧ કરોડ મૂલ્યના ૨,૯૪૯ કેસોમાંથી ૧૮૯૧ કેસોમાં મહેસૂલ વસૂલાતના પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા ન હતા. પાછલી બાકી રકમને જમીન મહેસૂલની પાછલી બાકી તરીકે ગણવા માટે કોઈ સમય મર્યાદા જ નિયત કરવામાં આવી ન હતી. ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ કમિશનર અને મહેસૂલ વિભાગ વચ્ચે સંકલન અને દેખરેખના અભાવે ત્રણ જિલ્લાઓમાં ખાણકામની આવકની વસૂલાત થઈ ન હતી અને ૩૮ મહેસૂલ વસૂલાત પ્રમાણપત્રોમાં રૂ. ૫.૪૮ કરોડના માંગણા અયોગ્ય રીતે દૂર કરવામાં આવ્યા હતા.

# મુક્તિધામ ખાતે ૫ હજાર પક્ષીઓ માટેનું પંખીઘર બનશે

## ડે. મેયરે તેમની ગ્રાન્ટમાંથી આ બનાવવાનો નિર્ણય કર્યો છે



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયર નાઝાભાઈ ઘાંઘરે તેમને મળતી કાઉન્સીલર તરીકેની ગ્રાન્ટમાંથી મુક્તિધામ સે. ૩૦ ખાતે ૯૦ ફુટની ઉંચાઈ ધરાવતા પક્ષીઘરમાં ૫૦૦૦ પક્ષી રહી શકે તેવી વ્યવસ્થા બનાવાવનો નિર્ણય કર્યો છે અને આ માટે તંત્રના અધિકારીઓને ઝડપથી કામ શરૂ થાય તે જોવા જણાવ્યુ છે.

પાંચ હજારથી વધુ પક્ષીઓનોને આ પંખીઘરમાં આશરો મળશે. પક્ષીઓને સુરક્ષા મળી રહે તે માટે આશરે ૧૦૦ ફૂટ ચબુતરો બનશે. જેના કારણે પક્ષીઓને ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે વધી રહેલી ગરમી સામે ચબુતરાની બનાવેલ ડિઝાઈન મુજબ ઉનાળામાં પણ પક્ષીઓને ઠંડકનો અહેસાસ થશે.

ગાંધીનગર શહેરના આકર્ષણમાં આ પંખીઘરનો વધારો થશે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં યાયાવર પક્ષીઓ પણ વધુ આવતા હોય છે. નદીના કિનારે આ પંખીઘર બનતાં પક્ષીઓને પાણી તેમજ લીલોચારો પણ ઉપલબ્ધ બનશે.

ડે. મેયરના આ સંવેદનશીલ નિર્ણયને પ્રકૃતિ પ્રેમીઓ અને પક્ષી પ્રેમીઓએ આવકાર્યો છે. ડે. મેયરનો મૂંગા પશુઓ માટેનો પ્રેમ પણ નગરમાં જાણીતો છે જે ઉલ્લેખનીય છે. પક્ષીઓને ત્રણેય સિઝનમાં કોઈપણ જાતની તકલીફ ના પડે તેનું ખાસ ધ્યાન રાખીને પક્ષીઘર તૈયાર કરવામાં આવશે.



## આલમપુર ગામે મા અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત કાર્ડ માટે કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના આલમપુર ગામે જિલ્લા કાનૂની સેવા મંડળ ગાંધીનગર તથા આલમપુર ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે મા અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત કાર્ડ કઢાવવાનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ગામના ૯૧ લાભાર્થીઓએ આવકનો દાખલો, રેશનીંગ કાર્ડ તથા દરેક સભ્યોના આધારકાર્ડ સહિત જરૂરી પુરાવા સાથે નોંધણી કરાવી હતી. આ કેમ્પમાં સવારે ૯ થી ૫ વાગ્યા સુધીમાં ૩૬ લાભાર્થીઓના કાર્ડ કઢાવવાની કામગીરી સંપન્ન કરી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ હંસાબેન સોલંકી, અગ્રણી ટીનાજી આર. સોલંકી, મહેશજી આર. સોલંકી, ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ગોવિંદજી સોલંકી, દિલિપજી ઠાકોર અન્ય ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો પ્રસ્તાવ સર્વસંમતિથી પસાર

ગાંધીનગર, તા. ૧૧

પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને ગૃહના સભ્યોએ પોતાના વિચારો રજૂ કરી સર્વસંમતિથી પસાર કર્યો હતો.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીના પ્રસ્તાવને સમર્થન આપતાં જણાવ્યુ કે, ગાંધીજીના વિચારો આજે પણ સાંપ્રત સમસ્યાઓના ઉકેલ માટે એટલા જ પ્રસ્તુત છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યું કે, ગાંધીજી એવું દ્રઢપણે માનતા કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓએ ગામડાંમાં જઈ સમસ્યાઓ ઉકેલવી જોઈએ. આ સરકારે શાળા પ્રવેશોત્સવ જેવી અનેક બાબતોને લઈ ગાંધીજીના આ વિચારોને સાચા અર્થમાં પ્રસ્તુત બનાવ્યા છે. શિક્ષણમંત્રીએ જણાવ્યું કે, દેશમાં ગાંધીજી, લોહિયા અને દીનદયાલજીની અંત્યોદયની ભાવના, સામાજિક સમરસતા અને દેશની સુખ-સમૃદ્ધિ માટે આજે પણ તેમના વિચારો એટલા જ પ્રસ્તુત છે. તેઓના જીવનકવનને આજની પેઢી વધુ નજીકથી જાણી શકે, તે માટે 'ભારત ભાગ્ય વિધાતા' નાટક તૈયાર કરવામાં આવ્યું છે. જેના ૧૫૦થી વધુ શૉ અત્યાર સુધી થઈ ચૂક્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અહિંસાનો સંદેશો લઈ સમગ્ર વિશ્વમાં પ્રવાસ કરી રહ્યા છે, ત્યારે આતંકવાદ જેવા મુદ્દા પર સમગ્ર વિશ્વએ પ્રધાનમંત્રીની સાથે રહી અહિંસાના આ શસ્ત્રોને ટેકો આપ્યો છે.

ગાંધીજી જેવા મહાપુરુષના જીવનમાંથી સર્વ ધર્મ સમભાવ અને સાંપ્રત સમસ્યાઓનો ઉકેલનો સંદેશ આજની યુવા પેઢીને મળી રહ્યો છે.

મહાત્મા ગાંધીજીએ આપેલાં 'મારું જીવન એ જ મારો સંદેશ' મંત્ર આપણને જીવન જીવવા પ્રેરણા આપે છે. ગાંધીજીની મહાત્મા સુધીની સફરમાં તેમના જીવનનાં મૂલ્યો અને સિદ્ધાંતો ખૂબ જ મોટી ભૂમિકા ભજવે છે. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ગુજરાતમાં સ્વચ્છતા સપ્તાહ, શાળા-કોલેજોમાં વિવિધ નિબંધ-ક્વિઝ સ્પર્ધા, ગાંધીભજન, ગાંધીકથા અને કવિ સંમેલન યોજવામાં આવી રહ્યાં છે તેમ ગાંધીજી ઉપર પોતાના વિચારો રજૂ કરતાં રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલે કહ્યું હતું.

# જુની અદાવત રાખીને હુમલો કરવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

ગાંધીનગર તા ૧૧

એક વ્યકિત પર જુની અદાવત રાખીને હુમલો કરવાના કેસમાં ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટે આરોપીઓને એક વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આરોપી સુરેશજી આતાજી ઠાકોર, જીતેન્દ્રજી જયન્તીજી ઠાકોર , દશરથજી આતાજી ઠાકોરે આડા સબંધો બાબતે ઠપકો આપવાના મામલે અદાવત રાખી માણસાના રમણજી મોતીજી ઠાકોર પર હુમલો કર્યો હતો. જે ગુન્હા અન્વયે આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધવામાં આવ્યો હતો. આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે જીજ્ઞેશ જોષીએ દલીલો કરી હતી. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ ડીસ્ટ્રીકટ જજ આઈ જે વોરાએ જયંતીજી ઠાકોર , આરોપી દશરથજી આતાજી ઠાકોરને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૫ તેમજ ૧૧૪ ના ગુના સબબ એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. આરોપી દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીઓને રૂ ૫ હજારનુ વળતર ઈજાગ્રસ્તને ચુકવવા પણ આદેશ કર્યો છે.

## સાતફેરા સમુહલગ્ન યોજના અન્વયે યુગલોને ૧.૬૮ લાખની સહાય

જિલ્લામાં સાતફેરા સમુહ લગ્ન યોજનાનો લાભ લેવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુગલો માટે કેટલી સંસ્થાની અરજી મળી દહેગામના ધારાસભ્યના જવાબમાં જણાંવાયા મુજબ આ અન્વયે એક સંસ્થા દ્વારા ૧૪ યુગલોને અનુલક્ષીને અરજીઓ મળી છે. જયારે આ પૈકી તમામ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે કુલ ૧.૬૮ લાખની સહાય મંજુર કરવામાં આવી છે.

## અન્નપુર્ણા યોજના અન્વયે ૩૯૬૦૪ મે .ટન અનાજનુ વિતરણ

ગાંધીનગર તા ૧૧

છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા વર્ષ ૨૦૧૩ માં અન્નપુર્ણા યોજના અન્વયે જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનુ વિતરણ કરાયુ તેવા પ્રશ્નના જવાબમાં નાગરિક પુરવઠામંત્રીના જણાંવ્યા મુજબ આ યોજના અન્વયે એક વર્ષમાં કુલ ૩૯૬૦૪.૧૦૧ મે ટન અનાજના જથ્થાનુ વિતરણ કરવામાં આવ્યુ છે.

# આજે ડીડીઓ કોન્ફરન્સમાં સમીક્ષા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓની આજે અમદાવાદ ખાતે ખાસ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

વિકાસ કમિશનર દ્વારા પંચાયત વિભાગના વિવિધ કાર્યક્રમોની અમલવારી અંગે યોજવામાં આવેલી સમીક્ષા બેઠક સવારે ૧૧ વાગે શરૂ થશે અને સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે.

આ સમીક્ષા બેઠકમાં પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેવાના છે. સમીક્ષા બેઠકમાં ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી હાથ ધરાયેલ વિકાસકામો, પંચાયત ઘરના બાંધકામ, મહેકમની સમીક્ષા સહિતના ૧૫થી વધુ મુદ્દાઓની સમીક્ષા કરાશે. ખાસ કરીને જી.પી.ડી.પી. અને ગ્રામસભા અભિયાનની પણ સમીક્ષા કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# સમદર્શન આશ્રમ ખાતે ૧૫ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન શ્રીમદ્‌ભાગવત કથાનું ભવ્ય આયોજન

## ગાંધીનગરના આંગણે પૂ. ગુરુમાના શ્રીમુખેથી કથાનું રસપાન કરવાનો અમૂલ્ય અવસર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સેકટર-૧માં સમદર્શન આશ્રમમાં બિરાજમાન ભગવાન શ્રી કૃપાનિધિ મહાદેવના દ્વાદશવર્ષ પૂર્ણ થયાના પ્રસંગે સમદર્શન પરિવાર દ્વારા શ્રીમદ્‌ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગહન શાસ્ત્રોના તલસ્પર્શી અભ્યાસુ એવા સંત અને પ્રખર વક્તા પરમ પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજી ભાગવત કથાનું રસપાન કરાવશે. તારીખ ૧૫ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન કથા યોજાશે. સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન ભાવિક-ભક્તો કથા શ્રવણનો લાભ લઈ શકશે.

ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં બિરાજમાન પરમ પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ સંતત્વના લક્ષણો સાથે બાળવયે જ અધ્યાત્મ માર્ગે આગળ વધવાનો અડગ નિશ્ચય કરીને ગૃહત્યાગ કર્યો હતો. ગુરૂજનો પાસેથી ગહનશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કરીને અને પ્રભુ પ્રાપ્તિની અદમ્ય તત્પરતા સાથે તપ થકી જીવનનું લક્ષ્ય સિધ્ધ



કરનાર સંત પૂજય શ્રી ગુરુમા નિયમીત સ્વાધ્યાય વર્ગોમાં શ્રીમદ્‌ભગવદ્ ગીતા, ઉપનિષદો, પ્રકરણ ગ્રંથો અને અનેક પ્રોઢગ્રંથોની સરળ ભાષામાં સમજણ આપીને અનેક લોકોના જીવનમાં જ્ઞાનનાં અજવાળાં પાથરી રહ્યાં છે. પૂજય ગુરુમા જદૃઅટ્ટજટ્ટ યુનિવર્સિટી, બેંગ્લોરના વેદાન્તાચાર્ય છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ પૂ. ગુરુમાને ડી.લીટ ની માનદ્ પદવી એનાયત કરી છે. પૂ. ગુરુમાના શ્રીમુખેથી શ્રીમદ્ ભાગવત કથાના શ્રવણનો આ અમૂલ્ય અવસર ચૂકવા જેવો નથી.

શ્રીમદ્ ભાગવત કથાની પોથીયાત્રા તા. ૧૪મી ડિસેમ્બર ને શનિવારે બપોરે ૨.૦૦ વાગ્યે પ્લોટ નં. ૧૨૮૨/૧, સેકટર-૨/એ, ગાંધીનગરથી નિકળશે. ભવ્ય બેન્ડ સાથેની આ શોભાયાત્રા સ્વામિનારાયણ મંદિર, ગાયત્રી મંદિર અને અય્યપ્પા મંદિર થઈને સમદર્શન આશ્રમ પધારશે. સાંજે ૫.૦૦ વાગ્યે ભાગવતજીનું સામૈયું કરાશે.

તારીખ ૧૫મી ડિસેમ્બરને રવિવારે સવારે ૮.૩૦ વાગે કથાનો પ્રારંભ થશે. ભાગવત માહાત્મ્ય, મંગલાચરણ અને વરાહ અવતારની વાત પ્રથમ દિવસે આવરી લેવાશે. ૧૬મી ડિસેમ્બરે કપિલ અવતાર અને ધ્રુવ ચરિત્ર, ૧૭મી એ પ્રહલાદ ચરિત્ર અને નૃસિંહઅવતાર તથા ૧૮મી એ કૂર્માવતાર, વામન અવતાર અને શ્રીરામ જન્મની વાત આવશે.

શ્રીમદ્ ભાગવત કથા દરમિયાન તા. ૧૮મી ડિસેમ્બરને બુધવારે સાંજે ૬.૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૧૯મી એ કાલિયદમન, ગોવર્ધનધારણ, રાસલીલા અને કંસઉદ્ધારના પ્રસંગો આવરી લેવાશે. જયારે ૨૦મી ડિસેમ્બરે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમણીના વિવાહ યોજાશે. તે દિવસે જ શ્રીકૃષ્ણ-સુદામા મિલનનો પ્રસંગ પણ આવશે. તારીખ ૨૧મી ડિસેમ્બરને શનિવારે સાંજે ૩ થી ૬ વાગ્યા દરમિયાન કથા વિરામ અને સમાપન સમારોહ યોજાશે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેરાત નંબર : એબી/ટીસી/૦૪, સને ૨૦૧૯-૨૦**

**ટેન્ડર આઈડી નં. ૩૮૮૩૬૪**

**ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર-૧૫, સરદાર પટેલ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી Procurement of 'Procurement of Laboratory Glassware Items' માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તીરણ થવાનું રહેશે. જે કામોની અંદાજીત કિંમત રૂ. ૪૭.૯૮ લાખ, બાનાની રકમ રૂ. ૪૭૯૭૭/- અને ટેન્ડર ફી રૂ. ૧૫૦૦/- છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૦૧/૦૧/૨૦૨૦ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.

માહિતી/૧૭૩૬/૧૯-૨૦



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**'ગુજરાત સરકારનું સાહસ'**

**જાહેર નિવિદા નંબર-૩ સને ૨૦૧૯-૨૦**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૭૪૦ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ નં | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. | ભાવો ભરવાની છેલ્લી તા. |
|---|---|---|---|---|---|
| ૧ | ગુહાઈ જુથ પાણી પુરવઠા યોજનાની કોન્ટ્રાક્ટ પદ્ધતિથી મરામત અને નિભાવણી ની ૨૪ માસ માટેની કામગીરી | ૪૯.૮૫ | 'ઈ-૧' ક્લાસ અને ઉપરના | ૩૮૮૪૯૨ | ૨૬/૧૨/૧૯ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૩૪૧/૧૦



